# પીવાના નિયમો

મસ્તરામની મસ્તી
મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

જ્યારે નાનો હતો ત્યારે મને જેટલા નિયમો શિખવાડવામાં આવ્યા છે એટલું ભાગ્ય કદાચ આજની જનરેશનને પણ પ્રાપ્ત થવું શક્ય નથી! થ્રી ઇડિયટ્સમાં ભલે છોકરાએ પાટું માર્યું હોય પણ મારો રેકોર્ડ એ પહેલાનો છે કે મેં જે નર્સને પાટું માર્યું હતું એ આજની તારીખે પણ નાકમાંથી બોલે છે! આ તો શરૂઆત હતી પછી મેં જે જે પરાક્રમો કર્યાં છે એ માટે જો વાતો શરૂ કરું તો આ લેખ અહિંયા જ પૂરો થઈ જાય માટે ટૂંકાવીને વાત કરું તો નિયમ શબ્દ સાંભળતા જ મને ખબર પડે કે કદાચ આ મારા માટે જ નિયમો બન્યા હશે.

હું નાનો હતો ત્યારે મને શરીર પર કોઈ જ ભાર નહોતો ગમતો અને હું ચડ્ડી નહોતો પહેરતો પણ કોણ જાણે કેમ મને જ આવો આગ્રહ થતો જ્યારે હું અમારા સુરેન્દ્રનગરમાં લગભગ છોકરાઓને ચડ્ડી વગર જોતો, હાં એ વાત અલગ છે કે મેં ચડ્ડી વગરના અનેક નેતાઓ અમારા ગામમાં જોયા હતાં પણ આ તો દેખાય એની વાત થાય ને!!!

મને સિદ્ધાંત અને નિયમ વચ્ચેનો ફેર સમજવો ખૂબ અઘરો લાગે છે. મેં ઘણા લોકોને સાંભળ્યા છે કે 'ફલાણો આપણો સિદ્ધાંત છે' હવે આ ફલાણો સિદ્ધાંત એમણે માત્ર અને માત્ર પોતાના ફાયદા માટે બનાવ્યો હોય તો પછી એ સિદ્ધાંત કેમ થઈ જાય?

ચૂનિયો કાયમ અમારા મિત્રો પાસેથી ઉછીના રૂપિયા લઈ જાય અને મોડા તો ઠીક પણ ન આપ્યા હોય એવા પણ અનેક દાખલા છે.

એક વાર મેં ચૂનિયા પાસે ઉછીના રૂપિયા માંગ્યા તો એણે જવાબ આપ્યો 'જો મિલનભાઈ, ખોટું નહીં લગાડતા પણ આપણો સિદ્ધાંત છે કે કોઈને ઉછીના રૂપિયા આપવા નહીં, આપ્યા પછી ઘણા સંબંધો બગડે છે અને એનો મેં પોતે અનુભવ કર્યો છે.'

હવે આ અનુભવ એનો એ રીતે કે પોતે ઉછીના લઈને ન આપ્યા હોય એટલે સંબંધો બગડ્યા હોય, નહીં કે એણે કોઈને આપ્યા હોય અને બગડ્યા હોય! આ રીતે જ નિયમ પણ સમજાયા નથી. મારા પપ્પા સરકારી કર્મચારી એટલે હું નાનો હતો અને મને જો કોઈ પણ વસ્તુની ના પાડવી હોય તો મને કહેવામાં આવે કે 'જો ચોકલેટ નહીં ખાવાની એવો સરકારી નિયમ આવી ગયો છે.'

ત્યારે એ ખબર નહોતી પડતી કે સરકારી નિયમ હોય તો પછી દુકાનોમાં કેમ ચોકલેટ વેચાતી હશે? પણ નિયમની વાત આવે એટલે આપણે તરત જ સ્વીકારી લઈએ. આ સ્વીકારવાની આદત આજ દિવસ સુધી ચાલુ જ છે.

મારા પત્ની ઘરમાં જેટલા નિયમો ઘડે એ નિયમ પર અમલીકરણ તરત જ હું અને મારો દીકરો બંને શરૂ કરી દઈએ. સ્કૂલ વખતે સ્કૂલના નિયમોનો ભંગ કરતા તો આખો પિરિયડ અમને ઊભા રાખવામાં આવતા. આ સજા તો માત્ર ૩૦ મિનિટમાં પૂરી થઈ જતી પણ ઘરના નિયમોની જે સજા મળે છે એ અહીં જાહેરમાં નહીં કહું કેમ કે મને ખબર છે તમારી આંખમાંથી અશ્રુધારા વહેવા લાગશે.

આમ પણ તમારી અને મારી બંનેની આંખો ભીની કરવી એના કરતાં મારી એકની થાય એ વધારે સારું, મારા પર તો દયા નથી ખવાતી તો એટ લિસ્ટ તમારા પર તો હું ખાઇ શકું ને. આ સિદ્ધાંતો અને નિયમો વચ્ચે હું ઘેરાતો રહ્યો છું એટલે હવે કંઈ પણ કામ કરું તો નિયમાનુસાર જ!

આ નિયમો ઘડતી વખતે મને એટલું દુઃખ થયું છે જેટલું કદાચ શ્રી બાબાસાહેબ આંબેડકરને બંધારણ ઘડતી વખતે પણ નહીં થયું હોય! કેમ કે એમનું બંધારણ પ્રજાલક્ષી હતું જ્યારે મારે તો દારુ પીવાના નિયમો ઘડવાના હતા.

અભ્યાસ અને અનુભવોને આધીન નિયમો બનતા હોય છે કેમ કે નિયમો બનાવતા પહેલા કેટલી છટકબારીઓ છે એનો અભ્યાસ કરવો જરૂરી છે. જેમ કે અમારા એક મિત્રે નિયમ બનાવ્યો કે 'હું રાજકોટમાં દારૂ નહીં પીવ' આ પાછળનું કારણ એ હતું કે બહારગામ જવાનું થાય અને ત્યાં દારુ શોધવો પણ મુશ્કેલ બને એટલે એ બહાને છૂટી જાય પણ ૪ કે ૫ દિવસમાં જ એને જ્ઞાન થયું કે માત્ર ૭ કિ.મી. દૂર જઈએ એટલે 'રાજકોટ શહેરની હદ પૂરી' લખેલું બોર્ડ આવે છે.

પછી શું ફેર એટલો પડ્યો કે ૭ કિ.મી.નું પેટ્રોલ વધારે વપરાવા લાગ્યું અને એણે મનોમન નક્કી કરી લીધું કે 'એમ માનીશું કે બાટલીમાં ૧૦૦ રૂપિયા વધી ગયા' આજની તારીખે પણ નિયમનો ભંગ કર્યા વગર રેગ્યુલર દારૂ પીવે છે!

અમારા એક બીજા મિત્રે નિયમ બનાવ્યો કે 'બે પેગથી વધારે નહીં જ પીવાનો' આ વાતથી મને ખુશી થઈ કેમ કે મેડિકલ સાયન્સ પણ કહે છે કે જો ૧૫૦ એમ.એલ. દારૂ રોજ પીવામાં આવે તો તમારી પાચનશક્તિમાં વધારો થાય છે, સ્ટ્રેસ દૂર થાય છે, સારી ઊંઘ આવે છે. તેના આ નિયમ પછી હું સવારે તેના ઘેર પહોંચ્યો તો બરાબર બે પેગ દારૂ ભરીને બેઠો હતો. મારી પાસે પેગીયું લઈને મપાવ્યા પણ ખરા અને કહે 'જો નિયમ એ નિયમ. બે પેગ એટલે બે પેગ. હવે સીધા બપોરે બે પેગ પેવાના. પછી સાંજે અને પછી રાત્રે'.

અહિંયા સુધી તો વાંધો નહોતો પણ મને આશ્ચર્ય તો એવા મિત્રોનું છે જે નિયમ બનાવે છે કે 'દારૂ પી ને સીધું ઊંઘી જ જવાનું' અને સાચે નિયમ મુજબ ઊંઘી જ જાય છે પણ કોના ઘેર એ ખુલાસો ન થયો હોવાથી અનેક વાર હું એમના ઘેર ઝઘડાની પતાવટમાં ગયો છું! મને સૌથી વધારે સારો નિયમ ચૂનિયાનો લાગ્યો છે અને મારા પીવાના નિયમમાં હું આ નિયમને પ્રથમ નિયમ તરીકે લખવાનો છું.

ચૂનિયાનો નિયમ છે કે 'પોતાના પૈસે ક્યારેય દારૂ નહીં પીવાનો' જોકે ચૂનિયાની એ આવડતને સલામ જ છે કે રોજ મફત પીવડાવવાવાળું શોધી જ લે છે! પાછું દરેક વખતે એમ કહીને ઊભો થાય કે 'હવે ક્યારેક મારા તરફથી પાર્ટી કરીએ' હું સાક્ષાત સાક્ષી છું કે આજની તારીખ સુધી એ ક્યારેક આવ્યું જ નથી!!!

મારી પાસે એક ચૂનિયાવાળો નિયમ તો હતો જ પણ છટકબારી ન રહે એ રીતના બીજા નિયમો બનાવવાના હતા. મેં મારી ઔકાત મુજબ નિયમ બનાવ્યો કે આપણે અમુક પર્ટિકયૂલર બ્રાન્ડ જ પીવી.

ઔકાત શબ્દ એટલે જ વાપર્યો છે કે કોઈ સ્કોચ ન સમજી લે. આ નિયમ સાથે જ મેં એક ખાલી બાટલી ઉપરથી સીલ તોડીને તૈયાર રાખ્યું છે કે જો અતિશય એવું થાય તો એ બોટલમાં ભરીને નિયમ મુજબ આપણે પી શકાય. ત્રીજો નિયમ કર્યો કે ક્યારેય પકડાય ન જઈએ એ રીતે દારૂ પીવો.

ના.. પોલીસની વાત નથી કરતો કેમ કે એ તો અમારા ગુજરાતમાં જેમ કડક નિયમો બને એમ વધારે રૂપિયા માંગે બાકી સેટ તો થઈ જ જાય! ન પકડાવવાનો અર્થ અહીં ઘેર પત્ની દ્વારા ન પકડાવવું કરવો. એ માટે ઘેર એક આલ્કોહોલવાળું કફ સીરપ રાખી જ દીધું છે જેનો ઘેર આવીને એક ઘૂંટડો પી અને કહેવાનું કે કફ સીરપની વાસ છે અને છેલ્લો નિયમ ખૂબ અઘરો છે પણ આશા રાખીએ કે પોઝિટિવ જ હશે. છેલ્લો નિયમ એ કર્યો છે કે મુંબઈ સમાચારનું પેમેન્ટ આવે એમાંથી જ દારૂ ખરીદવો. છેને બાકી કડક નિયમ???

■

# કુંડળીમાં થયો છે પ્રવાહ રાજ્ય યોગ

એસ્ટ્રોટિપ
ધવલ કાંધિયા
dhaval.kandhiya@bombaysamachar.com




દાદુભઈની લગ્ન કુંડળી




દાદુભઈની નવમાંશ કુંડળી

નિર્ગુણકુમારે વહેલી સવાર સવારમાં જ્યોતિષવિશારદ સાહેબને ફોન કર્યો અને સામેથી મેસેજ સંભળાયો, ફોન ઇઝ સ્વિચ ઓફ. એટલે નિર્ગુણકુમારે નલિનીને ફોન કર્યો અને અગેન ધી સેમ મેસેજ... ફોન ઇઝ સ્વિચ ઓફ.

એટલે હવે નાછૂટકે નિર્ગુણકુમારે નવગ્રહસિંહના મોબાઇલ પર ફોન કર્યો અને કોલર ટ્યુન સંભળાયો, ''મુઝે ઝરૂરત તેરે જૈસે યાર કી...તુઝે ઝરૂરત મેરે જૈસે યાર કી...'' નવગ્રહસિંહે ફોન ઉપાડ્યો અને બોલ્યો,''મિ.નિર્ગુણકુમાર એનિથિંગ અર્જન્ટ?'

નિર્ગુણકુમાર બોલ્યો,'મોસ્ટ અર્જન્ટ. મારે જ્યોતિષવિશારદ સાહેબ અને નલિની સાથે વાત કરવી છે અને બન્ને મોબાઇલ બંધ આવે છે.' સામેથી જવાબ આવ્યો,'નોટ ટ્રુ વરી મિ.નિર્ગુણકુમાર, ધ્યેન નવગ્રહસિંહ ઇઝ હિયર.'

નિર્ગુણકુમાર બોલ્યો,'એટલે શું ?' નવગ્રહસિંહ બોલ્યો,'હું, નલિની અને જ્યોતિષવિશારદ સાહેબ આજે વહેલી સવાર સવારમાં કોફી પીવા માટે રણછોડ કોફી પોઇન્ટ આવ્યાં છીએ અને અહીં મોબાઇલના નેટવર્કનો થોડો પ્રોબ્લેમ છે.'

નવગ્રહસિંહે ફોન નલિનીને આપ્યો અને નિર્ગુણકુમાર બોલ્યો, નલિની ઓફિસની એકદમ સાફસફાઇ કરી રાખજો. આજે સાહેબને મળવા માટે મારા એક મિત્ર આવવાના છે, એમનું નામ છે દાદુ ભઇ. એમનું નામ તો તમે સાંભળ્યું જ હશે? મારા બહુ ખાસ મિત્ર છે.' નલિની બોલી, 'પેલા મહાન ફિલોસોફર અને આધ્યાત્મિક લેક્ચર્સ આપે છે એ ભઇ, નિર્ગુણકુમાર બોલ્યો, 'એ જ ભઇ. એટલે સમજી ગયાં ઓફિસ ટકાટક રાખજો. હું એમને લઇને બરાબર ૧૨ વાગે ઓફિસમાં આવું છું. ચા-પાણી, નાસ્તાની વ્યવસ્થા પણ બરાબર હોવી જોઇએ ?' એમ કહીને નિર્ગુણકુમારે ફોન કટ કર્યો.

બરાબર ઘડિયાળના કાંટે ૧૨ વાગે ઓફિસની ડોર બેલ વાગી અને નલિનીએ દરવાજો ખોલ્યો તો સામે નિર્ગુણકુમાર સાથે દાદુભઇ દેખાયા.

નલિનીએ માનપૂર્વક દાદુભઇ અને નિર્ગુણકુમારનું સ્વાગત કર્યું અને સાહેબની કેબિનમાં લઇ ગઇ. બધા સાથે નિર્ગુણકુમારે દાદુભઇની ઓળખાણ કરાવી. દાદુ ભઇ જ્યોતિષવિશારદ સાહેબ સામે જોઇને બોલ્યા,'નિર્ગુણ તો મારો ચેલો છે. મેં નિર્ગુણના મોઢે તમારા બધાના ખૂબ વખાણ સાંભળ્યા છે. એટલે મને તમને બધાને મળવાની એકદમ ઇચ્છા થઇ ગઇ. મારા મનમાં એક આતુરતા છે.'

જ્યોતિષવિશારદ સાહેબ બોલ્યા,'શું આતુરતા છે સાહેબ?' દાદુભઇ બોલ્યા, 'હું એક લાઇફ ટ્રેનર છું. હું હર વર્ષે ૨૦૦થી વધારે દેશ-વિદેશમાં ટ્રિપ્સ કરું છું. લોકોને લાઇફ સ્ટાઇલ કેવી સરસ અને સરળ રીતે જીવવી જોઇએ એની ટ્રેનિંગ અને એના પ્રોગ્રામ્સ આપું છું. મારા પ્રોગ્રામ્સમાં મારી આપેલી લાઇફ સ્ટાઇલ ચેંજિંગ ટિપ્સ ખૂબ પ્રખ્યાત છે. મારે એ જાણવું છે કે મારી કુંડળીમાં એવો કયો રાજ યોગ હોઇ શકે જેના કારણે મારે ખૂબ પ્રવાસ કરવો પડે છે અને હરેક રાજ્યમાં જ્યાં પણ હું લેક્ચર્સ આપું છું ત્યાં લોકો મારા લેક્ચર્સથી પ્રભાવિત થાય છે. મારો સંદેશ બી પોઝિટિવ અને મેક પીપલ પોઝિટિવ એ લોકોના મનમાં વસી ગયો છે. મારી કુંડળીમાં એવો કયો રાજ યોગ છે જેના લીધે મારી આટલી બધી પ્રગતિ થઇ છે. મારી કુંડળી જુવોને?' જ્યોતિષ વિશારદ સાહેબ હજી તો દાદુભઇની કુંડળી જુએ એની પહેલાં તો પરીક્ષા લેતા ટીચરની જેમ નિર્ગુણકુમારનો સવાલ કે 'સાહેબ કુંડળીમાં એવા કયા રાજ યોગ હોય છે કે જાતક અલગ અલગ પ્રાંત અને દેશોમાં જઇને કર્મના સારા સિદ્ધાંતો લોકોને આપે અને પ્રસિદ્ધિ થાય જરા જ્યોતિષશાસ્ત્રના આધારે સમજાવશો?'

જ્યોતિષવિશારદ સાહેબ બોલ્યા કે 'દાદુભઇની કુંડળીમાં પ્રવાહ રાજ્ય યોગ જરૂર હશે.'

નિર્ગુણકુમાર બોલ્યો,'સાહેબ આ પ્રવાહ રાજ્ય યોગ એટલે શું?' જ્યોતિષવિશારદ સાહેબ બોલ્યા કે 'પ્રવાહ એટલે પ્રવાસ અને પ્રવાસનો કારક એટલે ચંદ્ર, કર્મના સિદ્ધાંતોનો કારક એટલે શનિ. જો કોઇ પણ જાતકની કુંડળીમાં જન્મના ચંદ્રનો સંબંધ દ્રષ્ટિ અથવા યુતિથી શનિ સાથે થાય અને ચંદ્ર નવમાંશ કુંડળીમાં પણ શનિની રાશિ અને ચંદ્ર સાથે સંબંધમાં આવે એને પ્રવાહ રાજ્ય યોગ કહેવામાં આવે છે.'

નિર્ગુણકુમાર બોલ્યા, ' સાહેબ આપની વાત એકદમ સાચી છે. મેં દાદુભઇની કુંડળી જોઇ છે. એમની કુંડળીમાં આ યોગ છે.' નવગ્રહસિંહ બધા માટે સરસ મજાનું વરિયાળી સરબત લઇને આવ્યો અને દાદુભઇ બોલ્યા, 'હવે સાંજે મારે લેક્ચર આપવા માટે જવાનું છે માટે હું રજા લઉં છું' એમ કહીને દાદુભઇ અને નિર્ગુણકુમાર પાછા વળ્યા.

■

ચિત્રોદ્ગાર
અભિમન્યુ મોદી
feedback@ bombaysamachar.com

# સ્વપ્નાવસ્થામાં રહેલા કિન્નરના દુસ્વપ્નને ચિત્રિત કરતા સ્વપ્નદ્રષ્ટા ચિત્રકાર

આજનું ચિત્રઃ ધ ડ્રીમ ઓફ અ યુનક, ચિત્રકારઃ એન્તોઇન લેક્મેતનસમયઃ ઈ.સ. ૧૮૭૪, વર્તમાન મ્યુઝિયમઃ ક્લીવલેન્ડ મ્યુઝિયમ ઓફ આર્ટ

તાવ-શરદી-ખાંસીની સેંકડો દવાઓ બજારમાં ઉપલબ્ધ હશે, પરંતુ ભાગ્યે જ થતા અમુક કલુની જ્જ દવાઓ બની હશે. વ્યવહારુ બનતી ગયેલી માનવજાતની આ ફિતરત રહી છે કે બહુમતી માટે વધુ સવલતો ઊભી થાય અને અલ્પમતિ માટે ઓછી. ઘરના માળિયા અલ્પ વપરાશમાં આવતી જગ્યા છે એટલે ત્યાં ડેકોરેશન ન થાય, ડ્રોઈંગ રૂમમાં શો-પીસ મૂકવામાં આવે. આપણા સમાજમાં એટલે કે મનુષ્યોની દુનિયામાં કિન્નરોનું મહત્ત્વ પણ અમુક રીતે એવું જ છે અર્થાત ઓછું છે. પુરુષ અને સ્ત્રી સિવાયની ત્રીજી જાતિના માણસો એટલે કિન્નરોએ મહદઅંશે સમાજ ઉપર આધાર રાખવો પડે છે. માટે તેઓની અવગણના થતી હોય છે અને શોષણ પણ થતું હોય છે. આ એક આદર્શ સ્થિતિ નથી અને માનવતા પણ તેમાં સચવાતી નથી. કદાચ એટલે જ આ ચિત્ર રસપ્રદ છે. કારણ કે તેમાં સપનું જોઈ રહેલો કિન્નર દેખાય છે.

આ ચિત્રની પાછળ રહેલી વાર્તાની વાત કરીએ તે પહેલા આ ચિત્રપ્રકાર અને તેના સમયગાળામાં આર્ટની પરિસ્થિતિ વિષે ચર્ચા કરીએ તો આ ચિત્ર વધુ રસપ્રદ બનશે. વીસમી સદીની શરૂઆત થઇ અને કલાજગતમાં આધુનિકવાદનો વાયરો ફૂંકાયો. મોર્ડનીઝમના ઝંઝાવાત દેઠળ એંક્રેમિક આર્ટનું મહત્ત્વ ભૂંસવા લાગ્યું. રેનેસાં એટલે કે નવચેતનાના સમયે યુરોપમાં ઈમ્પ્રેઝનીઝમ અને એક્સપ્રેઝનીઝમ પછી પણ બેરોક અને બીજી ઘણી સ્ટાઈલો આવેલી. તેમાં એક મહત્ત્વની સ્ટાઈલ હતી એંક્રેમિક આર્ટ. એંક્રેમિક આર્ટ શું છે?

સોળમી સદીથી યુરોપમાં ઘણી બધી આર્ટ સ્કૂલો ખૂલવા મંડી. ઠળાના નિષ્ણાતો દ્વારા ચિત્રકલા અને સ્થાપત્યકળાની સઘન તાલીમ આપવાનું શરૂ થયું. આવી એંક્રેમિક સંસ્થાઓમાંથી મહાન ચિત્રકારો બહાર આવ્યા. તેઓની કળા જુદા રસ્તે ચાલી. તેમની કૃતિઓમાં સામાજિક જાગૃતિનો પડઘો દેખાતો હતો. તે સિવાય ફ્રેન્ચ સ્ટાઈલના વાસ્તવવાદ ઉપરાંત ઈમ્પ્રેઝનીઝમ સ્ટાઈલની દ્રશ્યકળા અને એક્સપ્રઝનીઝમનો ભાવનાત્મક સ્પર્શ ઉમેરાયો. શિલ્પ હોય કે ચિત્રો, એંક્રેમિક આર્ટની કૃતિઓ વધુ બૌદ્ધિક બની. ચિત્રકારોનું ફોકસ નેરેટીવ ઈમ્ક્રેસીસ એટલે કે કથાનકના મહત્ત્વમાંથી પરમ સત્યોના ઉપદેશાત્મક આહ્વાન તરફ શિફ્ટ થતું ગયું. આ વાત સહેજ અઘરી હશે પણ તેનું ઐતિહાસિક મહત્ત્વ બહુ છે. એંક્રેમિક આર્ટ શૈલીએ આપણને મહાન કલાકારો આપ્યા. પણ સખેદ કહેવું પડે છે કે મોર્ડનીઝમના યુગે એંક્રેમિક આર્ટનો એક સુવર્ણકાળ ભુલાવી દીધો.

પણ આપણે એ ભુલ નહિ કરીએ. ગયા અંકમાં જે ચિત્રની ચર્ચા કરેલી તે 'વ્હાઈટ સ્લેવ'ના ચિત્રકાર અને એંક્રેમિક આર્ટ શૈલીના મહાન કલાકાર એન્તોઇન લેક્મેત દુ નેથનું જ આ ચિત્ર છે 'ધ ડ્રીમ ઓફ અ યુનક'. યુનકની આગળ આર્ટિકલ 'એ' લગાડ્યો છે જ્યારે ડ્રીમની આગળ 'ધ' લાગે છે. તેનો મતલબ એ કે આ ચિત્રમાં કિન્નર મહત્ત્વનું પાત્ર છે પરંતુ તેનાથી પણ વધુ મહત્ત્વનું તેનું સ્વપ્ન છે. કિન્તુ, એ સ્વપ્ન નથી રહેતું, તે હકીકતમાં દુસ્વપ્ન છે.

તારાજડિત એવી ચાંદની રાતમાં સુતેલો આ માણસ ઈંપિયુશ્ન છે તે તેના ચહેરાના ચોક્કસ ઘાટઘૂટથી ખબર પડી જાય છે. પણ એ સુતા સુતા એવું તે કયું ડ્રીમ જોઈ રહ્યો છે જે અસલમાં નાઈટમેરમાં તબદિલ થાય છે એ સવાલનો જવાબ આ ચિત્રની પ્રેરણા ક્યાંથી આવી તે પ્રશ્નના ઉત્તરમાંથી મળી શકે. એન્તોઇન લેક્મેત દુ નેથને કોઈ નાના કિશોરના સપનાંમાં કેમ રસ ન પડ્યો? જુવાનજોધ ખુબસૂરત યુવતી કે જે અચાનક વિધવા બની હોય તેવી અભાગણના સપનાનું ચિત્ર વધુ યાદ રહેત લોકોને; તો એવું ચિત્ર કેમ લેક્મેત દુ નેથે કેમ ન બનાવ્યું? મરણ પથારીએ રહેલા વૃદ્ધના સપનામાં આ ચિત્રમાં બતાવ્યું છે એવું નાનું બાળક બતાવ્યું હોત તો જોનારાઓ તે વિઝન પર આફરીન પોકારી ઉઠ્યા હોત પણ એવું ચિત્ર કેમ ન બન્યું અને ફક્ત કિન્નરનાં સપનાનું ચિત્ર દોરવામાં આવ્યું?

સતરમી સદીમાં મોન્તેસ્ક્વી નામનો એક નોંધપાત્ર ફ્રેન્ચ માણસ થઇ ગયો જે ન્યાયાધીશ હતો અને રાજકારણનો ફિલસૂફ હતો. તેમણે પત્રવ્યવહારના ફોર્મમાં એસ્પીટલરી નવલકથા લખી હતી જેનું શીર્ષક છેઃ 'પર્શિયન લેટર્સ'. એ નવલની વાર્તામાં ઉસ્બેક અને રિકા ઈરાનથી ફ્રાન્સની સફર શરૂ કરે છે. ઉસ્બેક પોતાની પાંચ પત્નીઓ ઝાશી, ઝેફીસ, ફાત્મે, ઝેલીસ અને રોક્સેનને પોતાના જનાનખાનાના કિન્નરોની દેખરેખ હેઠળ છોડીને જાય છે. પોતાની પત્નીઓ અને કિન્નરો સાથે લાંબી સફર દરમિયાન પત્રવ્યવહાર થાય છે. વર્ષો સુધી પાંચે પત્નીઓ કિન્નરોના વડપણ હેઠળ રહે છે એમાં કિન્નર નામે કોસ્ક્રને ઉસ્બેકની રખાત ઝેલીદ માથે પરણવાની ઈચ્છા થાય છે. સુલતાનની મસ્જિદની પાસે એક અગાસીમાં કોસ્કરું સૂતો છે, નશો કરી રહ્યો છે અને ઝેલીદનું સપનું જોઈ રહ્યો છે, જે આ ચિત્રમાં દેખાય છે.

નશો કરી રહેલા કિન્નરના હુક્કામાંથી ઘેરા ભૂરા આકાશ નીચે સફેદ-વાદળી ઘુમાડો નીકળ્યો જે ખુબસુરત યુવતીના આકારનો છે જે કિન્નરનું સ્વપ્ન સૂચવે છે. તે યુવતીની બાજુમાં નાનું બાળક છે એ એન્જલ છે જેને પુત્તો કહેવામાં આવે છે. ચર્ચની દીવાલોમાં જોવા મળતો આ પુત્તો ભગવાનનું સ્વરૂપ પણ કહેવાય. પરંતુ તેના હાથમાં બાણ-તીરને બદલે તેના શરીર કરતાં પણ મોટી છરી છે જેમાંથી લોહી ટપકી રહ્યું છે. તે સિમ્બોલ છે કિન્નરની વિવશતાનું અને તેની નપુંસકતાનું. આ સિમ્બોલ નિશ્ચિત કરે છે કે આ સ્વપ્ન નથી પણ દુસ્વપ્ન છે. ઓટલા ઉપર હાથની પ્રિન્ટ દેખાય છે. એ સમયે રિવાજ હતો કે એવી નિશાનીથી દૈત્યો દૂર રહે. તેની બાજુમાં ચિત્રકારની સાઈન છે. (ચિત્રકારે પોતાને દૈત્યોનો દુશ્મન ગણાવ્યો?) મસ્જિદમાં કોઈ લાઈટ દેખાતી નથી પણ તેની આજુબાજુના ઘરની બંધ બારીઓ અને તેના બારણાઓમાંથી ચાલુ રહેલી બત્તીઓનો પ્રકાશ થોડો આવી રહ્યો છે. આવી રીતે નિશાના અંધકાર નીચે આશા-નિરાશાના દ્વંદ્વનું નિરૂપણ નશાના ઘુમાડામાં અને ખુદાની બંદગીના સ્થાન પાસે બહુ કલાત્મક રીતે થયું છે.

■